01 : નીચે આપેલ પાંચ વિકલ્પોમાંથી કોઈ એક મુદ્દા પર ઓછામાં ઓછા ૨૫૦ અને વધુમાં વધુ ૩૦૦ શબ્દોમાં, યોગ્ય ઉદાહરણોનો આધાર લઈને નિબંધ લખો. (૨૦ ગુણ)

૧.૧ યોગઃ કર્મસુ કૌશલમ્

૧.૨ ગુજરાતમાં પ્રવાસી પક્ષીઓનું વિશ્વ

૧.૩ કોવિડ-૧૯ પછી વિશ્વમાં આવેલાં મહત્ત્વનાં પર્યાવરણીય પરિવર્તનો

૧.૪ ભારતીય બંધારણ – વર્તમાન સંદર્ભે સમીક્ષા

૧.૫ ભારતમાં 'ઑનર કિલિંગ'ની સમસ્યા – પરિબળો, પ્રશ્નો અને પરિણામો

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 20 |

02 : નીચે આપેલ ત્રણ વિકલ્પોમાંથી કોઈ પણ બે પંક્તિઓનો આશરે ૧૦૦થી ૧૫૦ શબ્દોમાં વિચારવિસ્તાર કરો. (૦૫ ગુણ x ૦૨ પંક્તિઓ) (૧૦ ગુણ)

૨.૧ દેહાભિમાન હૂતો પાશેર, તે વિદ્યા ભણતાં વાધ્યો શેર.
ચર્ચાવાદમાં તોલે થયો, ગુરુ થયો ત્યારે મણમાં ગયો.
અખા એમ હલકાથી ભારે હોય, આતમજ્ઞાન મૂળગું ખોય. – અખો ભગત

૨.૨ સાગરના તળિયેથી જ્યારે હું બહાર આવું
ત્યારે મારા હાથમાં મોતીના મૂઠા ન હોય.
હું મરજીવો નથી.
હું કવિ છું.
જે છે તે છે કેવળ મારી આંખોમાં. – સિતાંશુ યશશ્ચન્દ્ર

૨.૩ કોઈની બુદ્ધિના પાંજરામાં લાગણીનું પંખી થઈ, ટહુક્યા કરવાનું મને મંજૂર નથી;
કોઈ પ્રેમને નામે મને ડંખ્યા કરે, અને ઇચ્છા મુજબ મને ઝંખ્યા કરે;
જે બોલે તે બોલવાનું ને નાગ જેમ ડોલવાનું.
મને આવું અઢેલવાનું મંજૂર નથી. – પન્ના નાયક

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

03 : નીચે આપેલ ગદ્યખંડનો (૧૬૬ શબ્દો), મૂળ વિચાર જળવાઈ રહે એ રીતે લગભગ ૧/૩ ભાગમાં (૫૫ શબ્દો) સંક્ષેપ કરો. (૧૦ ગુણ)

કવિને કોઈ નિમિત્તે કશીક સંવેદના થઈ (એ ઉત્કટ, અસાધારણ ચમત્કારિક જ હોવી જોઈએ એવું પણ નથી). એને પરિણામે વ્યવહારમાં એ અમુક કાર્ય કરવા પ્રવૃત્ત થયો; એ કાર્યમાં પ્રવૃત્ત હતો તે દરમિયાન કે એ કાર્ય પૂરું થયા પછી, નિરપેક્ષભાવે તાટસ્થ્યથી, એ સંવેદનના પર એ નજર નાખે ત્યારે, વ્યક્તિગત પ્રયોજનથી નિરપેક્ષ રહીને સાધેલા આ પ્રકારના abstractionથી, એ સંવેદનનું નવું જ રૂપ એ જોવા પામે છે. એ સંવેદન રસાનુભૂતિના પ્રાથમિક બીજાણુ aesthetic monad રૂપે ક્રિયાશીલ બને છે. ચેતનામાં એને સ્ફોટ થતાં એક વિશિષ્ટ પ્રકારની શક્તિ મુક્ત થાય છે. એને પરિણામે એ બીજાણુનું પંચીકરણ જ નહિ પણ સહસ્રીકરણ થાય છે, એ આ પ્રકારના કે એથી વિરૂધ્ધ પ્રકારના પૂરક સમર્પક વિરોધી સંઘર્ષાત્મક – એવાં બીજાં, ચિત્તમાં સ્મૃતિના ધૂંધળા પ્રદેશમાં વિક્ષિપ્ત નિરવયીરૂપે પડેલાં, કેટલાંય સંવેદનોના મંડળને પોતા તરફ આકર્ષે છે. આ પરિવેશમાં એ મૂળ સંવેદનનું એક નવું જ રૂપ પ્રકટ થાય છે. આ રૂપમાં વ્યાપ્તિ છે, - સઘનતા પણ છે, સાદૃશ્ય છે, વિરોધ પણ છે, સંવાદ છે, સંઘર્ષ પણ છે. આ બધાંનો એકીસાથે સાક્ષાત્કાર થાય એ પ્રકારની શક્તિ ભાષામાં એણે ઉપજાવવી પડે છે.

– સુરેશ જોષી

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

૦૪ : નીચે આપેલ ગદ્યખંડની સઘન વાચના કરી પ્રશ્નોના ઉત્તરો આપો. (૨ ગુણ X ૫ પ્રશ્નો) (૧૦ ગુણ)

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

*

આજના યુગનું ચિત્ર કેવું છે? પુનરુત્થાન યુગમાં વિશ્વના કેન્દ્રમાંથી પરમેશ્વર પદભ્રષ્ટ થયો. એને સ્થાને મનુષ્ય પ્રતિષ્ઠિત થયો. જીવનના કેન્દ્રમાંથી ધર્મ પદભ્રષ્ટ થયો. એને સ્થાને માનવતાવાદ-બૌધ્ધિકતાવાદ પ્રતિષ્ઠિત થયો. એથી વ્યક્તિસ્વાતંત્ર્ય અને સામાજિક ન્યાયનાં નવાં મૂલ્યો અસ્તિત્વમાં આવ્યાં તથા વિજ્ઞાન અને યંત્રવિજ્ઞાનનો વિકાસ થયો. પણ પછી 'માણસ ગંધાય, માણસ ખાઉં'ના ધ્યેય સાથેનાં આસુરી અર્થતંત્રો અને રાક્ષસી રાજ્યતંત્રો અસ્તિત્વમાં આવ્યાં છે. એમણે સામાજિક ન્યાયને નામે વ્યક્તિસ્વાતંત્ર્યનો, વિચાર અને વાણીસ્વાતંત્ર્યનો દુરુપયોગ કર્યો છે. આ તંત્રો માનવલક્ષી નથી, માનવભક્ષી છે. આ તંત્રોમાં મનુષ્ય એ સાધ્ય નથી, સાધન છે. એથી વ્યક્તિત્વ વિનાનો, ચહેરા વિનાનો મનુષ્ય, સમૂહમાનવ અસ્તિત્વમાં આવી ચૂક્યો છે; અને મૂલ્ય વિનાનો, ગૌરવ વિનાનો મનુષ્ય, યંત્રમાનવ અસ્તિત્વમાં આવી રહ્યો છે. આમ, પાંચ સૈકાને અંતે વિશ્વના કેન્દ્રમાંથી મનુષ્ય પદભ્રષ્ટ થયો છે. એને સ્થાને મનુષ્યનો દેહ પ્રતિષ્ઠિત થયો છે. જીવનના કેન્દ્રમાંથી માનવતાવાદ-બૌધ્ધિકતાવાદ પદભ્રષ્ટ થયો છે. આજના યુગની આ કરુણ કથા છે.

- નિરંજન ભગત

પ્રશ્નો

*

૪.૧ લેખકની સાંપ્રત સમય વિશે શું માન્યતા છે?

૪.૨ લેખકની દૃષ્ટિએ સામાજિક પરિવર્તનનું શું પરિણામ આવ્યું?

૪.૩ લેખકના મતે તંત્રો કેવાં છે? શા માટે?

૪.૪ લેખકની કઈ ચિંતા આ લખાણની પશ્ચાદભૂમાં જણાય છે?

૪.૫ લેખકના મંતવ્યો સાથે તમે સંમત થાઓ છો? શા માટે?

૦૫ : (આશરે ૧૫૦ શબ્દો) (૧૦ ગુણ)

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

ઇન્ટરનેશ્નલ સ્પેસ સ્ટેશન, નાસાના ડાયરેક્ટરશ્રી 'એસ. એસ. કલ્પના ચાવલા કાર્ગો સ્પેસક્રાફ્ટ' વિશે પત્રકાર પરિષદને સંબોધીને આ સ્પેસક્રાફ્ટ વિશે સંપૂર્ણ માહિતી આપવા ઇચ્છી રહ્યા છે. આ અંગેનું ઔપચારિક ઉદ્‌બોધન તૈયાર કરો.

૦૬ : (આશરે ૧૫૦ શબ્દો) (૧૦ ગુણ)

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અને ગ્લોબલ ફંડે એચ.આઈ.વી., ટી.બી. અને મેલેરિયાને સમગ્ર વિશ્વમાંથી નાબૂદ કરવા માટે એક સંયુક્ત કરાર કર્યો છે. આ કરાર અંતર્ગત દસ પ્રમુખ પ્રકલ્પો નિર્ધારિત કરવામાં આવ્યા છે. આ અંગે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના ડેપ્યુટી ડાયરેક્ટર જનરલશ્રી તરફથી માહિતી આપતું પ્રચાર માધ્યમો માટેનું નિવેદન લખો.

૦૭ : (આશરે ૧૫૦ શબ્દો) (૧૦ ગુણ)

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

તમારી દૃષ્ટિએ જીવન-ઘડતર માટે અત્યંત મહત્ત્વનાં ત્રણ પુસ્તકો વાંચવાની ભલામણ કરતો પત્ર તમારા પરિવારજનોને સંબોધીને તૈયાર કરો. આ પુસ્તકો શા માટે મહત્ત્વનાં છે તે પત્રમાં અચૂક જણાવો.

૦૮ : (આશરે ૧૫૦ શબ્દો) (૧૦ ગુણ)

ભારતમાં કોવિડ-૧૯ના ફેલાવાને અટકાવવા માટે લોકડાઉન કેટલું ઉપયોગી સાબિત થાય? – આ પ્રશ્નને કેન્દ્રમાં રાખીને 'અ બ ક' વર્તમાનપત્રના તંત્રીશ્રીને ચર્ચાપત્ર લખો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

૦૯ : (આશરે ૧૫૦ શબ્દો) (૧૦ ગુણ)

નીચ આપેલ ફોટોગ્રાફનું વિશ્લેષણ કરી તમારા રચનાત્મક નિરીક્ષણો વિગતે લખો.



મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

૧૦ : (આશરે ૧૫૦ શબ્દો) (૧૦ ગુણ)

તમે ગાંધીનગર સ્થિત ઇન્ફર્મેશન ઍન્ડ લાઇબ્રેરી નેટવર્ક સેન્ટર (INFLIBNET Centre)ની લીધેલી મુલાકાતના અનુભવને વર્ણવતો અહેવાલ લખો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

૧૧ : (આશરે ૧૫૦ શબ્દો) (૧૦ ગુણ)

ઑક્ટોબર ૩૦-૩૧, ૨૦૨૧ દરમિયાન યોજાનાર '૨૦૨૧ જી-૨૦ રોમ સમિટ'માં ભારતની ભૂમિકા અને યોગદાન વિશે 'ક ખ ગ' વિશ્વવિદ્યાલયના અર્થશાસ્ત્રી અને 'ચ છ જ' વિશ્વવિદ્યાલયના પર્યાવરણવિદ્ વચ્ચે ચર્ચા થઈ રહી છે. આ અંગેનો સંવાદ વિગતે તૈયાર કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

૧૨ : આપેલ અંગ્રેજી ગદ્યખંડનો ગુજરાતીમાં ભાવાત્મક અનુવાદ કરો. (૧૦ ગુણ)

**What I recommend is much sitting with the thought of dying. Of the moments when you will be leaving your present consciousness. How would you like to transition? After much contemplation, I settled on the idea that if only I can die touching some shred or scrap of the earth, a bit of grass, a trunk or root of a tree, a twig or stone, I would be content. If I could see some small corner of the sky, some leaf being blown by the wind. Smell the earth, whether flowers or straw, that would be enough. But later on, reading the news, listening to the heavy footsteps of death rumbling the planet, I refined this. I sat long enough to realize I might have to deeply know that a flaming plastic plane seat is also earth. That a classroom filled with desks and computers is also earth. That prison cells with their sadistic guards and cement floors are also earth. That, in fact, all dying is returning to the earth. And that, because I love Earth, I can be content to feel myself returning to her in whatever is Her form. That her elements are also mine. Since of course I am made of Her. This was very helpful to me.**

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

Incorporating deep thought about how we might leave our present incarnation can make us stronger – like preparing for a challenging test, rather than relying on guess work – can make us stronger. It will be a major moment of our lives, and filled with meaning – meaning that only we can give it. Instead of dissolving into panic or fear, it will be good to understand before hand that, before transition, however unexpected it might be, you could just possibly be granted a moment of centeredness, mindfulness, even a split second, of real peace. Peace that comes from gratitude for whatever life you have lived on this astounding Earth. If there is a moment to have the presence of mind to kiss Her, what a joy that would be. Imagine it! A kiss good-bye. A kiss hello. For you cannot ever really leave this Mother. She is all there is.

- Alice Walker

૧૩ : સૂચના પ્રમાણે ગુજરાતી વ્યાકરણને લગતા પ્રશ્નોના ઉત્તરો આપો. (૧૦x૨=૨૦ ગુણ)

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 20

૧૩.૧ : રૂઢિપ્રયોગોનો અર્થ આપી તેમનો વાક્યમાં પ્રયોગ કરો.
૧૩.૧.૧ એક વેંત સ્વર્ગ બાકી હોવું
૧૩.૧.૨ ચૂડેલ રાસડા લે તેવું
૧૩.૨ : કહેવતોનો અર્થ સમજાવો.
૧૩.૨.૧ હનુમાન હડીઓ કાઢે અને ભૂત ભૂસકા મારે
૧૩.૨.૨ સીદીભાઈ સો મણ સાબુ
૧૩.૩ : સમાસનો વિગ્રહ કરી તેની ઓળખ આપો.
૧૩.૩.૧ નિઃશંક
૧૩.૩.૨ તકસાધુ
૧૩.૪ : પંક્તિઓના છંદ ઓળખાવો.
૧૩.૪.૧ મને શિશુતણી ગમે સરળ સૃષ્ટિ સ્નેહ ભરી
૧૩.૪.૨ ઝેર ગયા ને વેર ગયાં વળી કાળાં કેર ગયાં કરનાર
૧૩.૫ : અલંકાર ઓળખાવો.
૧૩.૫.૧ તું ચંદ્રથી ચારુ સુહાસિની છે.
૧૩.૫.૨ આભ રુવે એની નવલખ ધારે!
૧૩.૬ : શબ્દસમૂહો માટે એક શબ્દ આપો.
૧૩.૬.૧ પાંદડાંનો અવાજ
૧૩.૬.૨ આંખથી સાંભળનાર
૧૩.૭ : શબ્દોની જોડણી સુધારો.
૧૩.૭.૧ શૂશ્રૂસુ
૧૩.૭.૨ શીલિંધ્ર
૧૩.૮ : વાક્યોમાં જોડણીની ભૂલો સુધારો.
૧૩.૮.૧ મારુ મન તો ફીનોમીનોલોજીની સીડી ઉપર ચઢઉતર કરે છે.
૧૩.૮.૨ ચારે દિશા અપ્રતીરોધ્ય શુન્યમાં ભાંગીને ઓગળી જતા બ્રહ્માંડના નીરવ ભેંકારથી ધ્રુજી ઉઠી.
૧૩.૯ : શબ્દોની સંધિ જોડો અને છોડો.
૧૩.૯.૧ શબ્દની સંધિ જોડો | ભાઃ + કર
૧૩.૯.૨ શબ્દની સંધિ છોડો | સમાહાર
૧૩.૧૦ : વાક્યરચના અંગે આપેલ સૂચના મુજબ ઉત્તર આપો.
૧૩.૧૦.૧ નિષેધ વાક્યમાં ફેરવો | તમે જમ્યા છો?
૧૩.૧૦.૨ પ્રેરક વાક્યમાં ફેરવો | મેં તને કહ્યું.

1. Write an essay on any ONE of the following in minimum 250 to maximum 300 words. It must exhibit your grasp and critical understanding of the subject in the best possible individual style having originality of thought and expression. It must be well-argued piece of writing coherently and sequentially with observance of grammatical rules.

   I. One day or day one, you need to decide.

   II. Nature is not a place to visit, it is HOME.

   III. Is Myanmar on the path of Afghanistan and Syria?

   IV. Digitization is transforming the Education Sector.

   V. India's Health Sector : Opportunities and challanges.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 20

2. As a Deputy Collector, you are monitoring the vaccination drive in your sub-division. Write a letter, in about 150 words, apprising the Collector, regarding the on-going drive and suggesting needful measures to make it successful.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

3. As the Public Relation Officer of Health and Family Welfare Department, Government of Gujarat, draft a Press Appeal to all the parties concerned, in about 150 words, to abstain from hoarding and black-marketing of medicines and dealing in production and sale of sub-standard medicines.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

4. The NSS unit of your college was recently on an awareness mission to promote online teaching in the slum areas of your city. Write a report sharing your experience as the Team Leader during the campaign in about 150 words.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 15

5. Write about the following image of an architect marvel with meaningful observations in about 150 words.



મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 15

6. **Draft a formal inaugural speech, in about 150 words, to be delivered by the honorable Chief Justice of Gujarat High Court at the online inauguration of e-Seva Kendra at the District Court Complex, Surendranagar.**

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 15

7. **Write a precis of the following passage in about one-third of its original length.**

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 15

**The process of leading man's thought and imagination away from the use of force will be greatly accelerated by the abolition of capitalist system, provided it is not succeeded by a form of state socialism in which officials have enormous power. At present, the capitalist has more control over the lives of others than any man ought to have; his friends have authority in the state; the economic power is the pattern for political power. In the world where all men and women enjoy economic freedom, there will not be the same habit of command, nor, consequently, the same love of despotism; a gentler type of character than that now prevalent will gradually grow up. Their circumstances, not born ready-made, form men. The bad effect of the present economic system on character and the immensely better effect to be expected from communal ownership are among the strongest reasons for advocating the change.**

**In the world as we have been imagining it, economic fear and most economic hope will be alike removed out of life. No one will be haunted by the dread of poverty or driven into ruthlessness by the hope of wealth. There will not be distinction of social classes which now plays such an immense part in life. The unsuccessful professional man will not live in terror lest his children should sink in the scale; the aspiring employee will not be looking forward to the day when he can become a sweater in his turn. Ambitious young men will have to dream other day dreams than that of business success and wealth wrung out of the ruin of competitors and degradation of labour. For these dreams to come true the oppressed and subaltern are desperately awaiting a radical change to take place in our social and economic system.**

**(300)**

8. **Read the following passage carefully and answer questions that follow. (15 x 1 = 15)**

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 15

**Human journey right from the Stone Age to the Fifth Generation Internet Age has been the story of his relentless urge to most vociferously and convincingly express his thoughts and feelings in every possible form of communication that he could evolve or imagine as human mind is always teeming with fresh ideas and innovation. That's why ever since human have inhabited the Earth; they have made use of various forms of communication. Generally, this expression of thoughts and feelings has been in the form of oral speech. When there is a language barrier, communication is accomplished through sign language in which motion stands for letters, words and ideas. Tourists, the deaf and the mute have had to resort to**

this form of expression. Many of these symbols of whole words are very picturesque and exact and can be used internationally; spelling, however, cannot.

Body language transmits ideas or thoughts by certain actions, either intentionally or unintentionally. A wink can be a way of flirting or indicating that the party is only joking. A nod signifies approval, while shaking the head indicates a negative reaction.

Other forms of non-linguistic language can be found in Braille (a system of raised dots read with fingertips), signal flags, Morse code, and smoke signals. Road maps and picture signs also guide, warn and instruct people. While verbalization is the most common form of language, other systems and techniques also express human thoughts and feelings.

Questions:

1. Which of the following best summarizes the passage?
   A. When language is barrier, people will find other forms of communication.
   B. Everybody uses only one form of communication.
   C. Non-linguistic language is invaluable to foreigners.
   D. Although other forms of communication exist, verbalization is the fastest.

2. The word “these” in the phrase “Many of these symbols of whole words” refers to _____.
   A. Tourists
   B. Sign language motions
   C. The deaf and the mute
   D. Thoughts and feelings
3. All of the following statements are true except ________.
   A. There are many forms of communication in existence today.
   B. Verbalization is the commonest form of communication.
   C. The deaf and the mute use oral form of communication.
   D. Ideas and thoughts can be expressed through body language.
4. The word “wink” in the passage means nearly the same as ______.
   A. Close left eye briefly
   B. Close right eye briefly
   C. Close both the eyes briefly
   D. Close any of the eyes briefly
5. Sign language is said to be so picaresque and exact that it can be used internationally, but it is not so in the case of _________.
   A. Spelling
   B. Ideas
   C. Whole words
   D. Expressions

6. Which form of communication other than oral would be most commonly used among blind people?
7. How many different forms of communication are mentioned in the passage?
8. Why do people need to communicate according to the passage?
9. How are words and ideas expressed in sign language?
10. Which form of communication mentioned in the passage is used in telecommunication to encode text characters?
11. What do you mean by non-linguistic language?
12. Identify the term used for spoken communication in the passage.
13. Which term is used in the passage for "showing false love"?
14. Find synonym to "occupied" in the passage.
15. Find an antonym for "failed" in the passage.

9. Do as directed: (20 x 1 = 20)

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| --- |
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 20 |

Choose the correct answer from the given options and darken the circle (●) as well as write the correct answer in the bracket (CAPITAL LETTER) as per the sample given below.

Sample Ans.: ( C ) (A) ○ (B) ○ (C) ● (D) ○ (E) ○

1. _______ I was entering the room, the phone rang.
   - A. When
   - B. Just as
   - C. At the time
   - D. For
   - E. An hour ago
2. When he _______ a schoolboy in Ohio, Jeffrey caught a wounded falcon in the roof.
   - A. was
   - B. is
   - C. had been
   - D. has been
   - E. would be
3. Has someone made all the necessary arrangements? *(Change the voice)*
   - A. Has all the necessary arrangements been made by someone?
   - B. Have the necessary arrangements been all made by someone?
   - C. Have all the necessary arrangements been made by someone?
   - D. All the necessary arrangements have been made by one?
   - E. Have the all necessary arrangements have been made by someone?
4. Gita said, "These are my books." *(Change the speech)*
   - A. Gita said that these were her books.
   - B. Gita said that these are her books.

C. Gita said that those are her books.

D. Gita said that those were my books.

E. Gita said that those were her books.

5. My friend said to me, "Beware of cheats."

A. My friend told me to beware of cheats.

B. My friend asked me if I was beware of cheats.

C. My friend warned me to remain careful from cheats.

D. My friend assured me to beware of cheats.

E. My friend suggested that I should be careful.

6. Human is mortal. *(Transform the given sentence into negative)*

A. Human is immortal.

B. Human is not immortal.

C. Not all humans are mortal.

D. Not all humans are immortal.

E. None of the above.

7. Everybody has heard of Amitabh Bachchan. *(Transform the given assertive sentence into interrogative.)*

A. Has everybody heard of Amitabh Bachchan?

B. Isn't that everybody has heard of Amitabh Bachchan?

C. Everybody has heard of Amitabh Bachchan, isn't it?

D. Amitabh Bachchan is known to all, isn't it?

E. Had everybody heard about Amitabh Bachchan?

8. We have _______ petrol in the tank, so, I think, it will be sufficient to get to the town.

A. most

B. a lot

C. a little

D. little

E. much

9. But mine is not _______ typical story. In my story _______ Scotsman is generous, _______ Irishman is logical and _______ Englishman is romantic. You'll listen to it with _______ pleasure.

A. a, a, an, an, the

B. a, the, an, an, (no article)

C. a, the, the, the, (no article)

D. (no article), the, the, the, a

E. a, the, an, an, (no article)

10. Some students earn a diploma _______ a career school - only to be left _______ in the cold because of additional standards they have not been informed _______ such as additional regulations.

    A. at / off / for
    B. from / out / about
    C. in / by / beyond
    D. by / over / for
    E. in / for / by

11. I think he will not be able to _______ this difficult schedule.

    A. get along with
    B. look forward to
    C. keep up with
    D. keep on
    E. break through

12. A "babe in the woods" means _______.

    A. someone who cuts trees
    B. someone who is young
    C. someone who is innocent
    D. a secret enemy
    E. a forest official

13. The term “abdication” means _______.

    A. kidnapping
    B. extorting money
    C. cleaning sins
    D. giving up post
    E. proving someone guilty

14. Which of the following words is not a synonym of “concur”?

    A. Accord
    B. Coincide
    C. Deny
    D. Acquiesce
    E. Assent

15. Which of the following is an antonym of “callous”?

    A. Brutal
    B. Rancorous
    C. Fierce

D. Relentless

E. Humane

16. Match the words with their meanings.

| | |
|---|---|
| 1. ascetic | a. one who runs away from justice |
| 2. fugitive | b. a lover of good food |
| 3. gourmand | c. one who leads an austere life |
| 4. flotilla | d. a small fleet of ships or boats |

A. 1-c, 2-b, 3-d, 4-a

B. 1-d, 2-c, 3-a, 4-b

C. 1-d, 2-c, 3-b, 4-a

D. 1-a, 2-b, 3-d, 4-c

E. 1-c, 2-a, 3-b, 4-d

17. He is very clever and hardworking _______ he can't pass his exams.

A. in spite of

B. despite

C. both

D. provided that

E. Nevertheless

18. _______ I was told I would get a medal for it; it hadn't occurred to me that my work was anything exceptional.

A. Then

B. As

C. Whenever

D. Unless

E. Until

19. He made an _______ speech, but everyone clapped.

A. awful

B. awesome

C. aweful

D. awsome

E. aweding

20. A.R. Rahman had a good _______ for stage.

A. trup

B. troop

C. tropee

D. trupe

E. troupe

10. **Translate the following passage from Gujarati to English.**

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 15

મહાદેવભાઈ તેમની ડાયરીમાં ગાંધીજીના પત્રવ્યવહારની, તેમનાં ભાષણોની, વ્યક્તિઓની સાથે થયેલી વાતચીતોની તેમજ વિવિધ વિષયો ઉપરના તેમના વિચારોની નોંધ કરી લેતા.

ગાંધીજીનું આખું જીવન તદ્દન ખુલ્લું હતું. અંગત અને ખાનગી ગણાય એવી એમની વાતો જેટલી જગત જાણતું હશે, એટલી ભાગ્યે જ બીજા કોઈ નેતાની જાણતું હોય. છતાં ગાંધીજીની બહાર નહીં આવેલી ખાસિયતો તથા જીવનપ્રસંગો તેમજ જીવનને લગતા ગાંધીજીના વિચારો આ ડાયરીમાંથી જાણવા મળે છે. તેમણે વાંચેલાં પુસ્તકોનું વિવેચન અને કેટલાંય પુસ્તકોમાંથી આકર્ષક ફકરા મહાદેવભાઈએ આપ્યા છે. મહાદેવભાઈની ડાયરી ગાંધીજીના જીવનચરિત્રા માટેનો કાચો, અતિશય મહત્ત્વનો મસાલો છે. માનવજાતિને પ્રેરણા આપનાર બહુ ઉપયોગી સાહિત્ય તરીકે તેનું મહત્ત્વ છે.

ગાંધીજીની જીવનકળા ઉપરાંત મહાદેવભાઈની કર્તવ્યનિષ્ઠા, અનેક વિષયોમાં તેમનો રસ આ ડાયરીમાં પ્રગટ થાય છે. મહાદેવભાઈમાં ઊંચા પ્રકારની સાહિત્યશક્તિ હતી. તેમની નમ્રતા, પોતાની જાતને ભૂંસી નાખવાની તેમની વૃત્તિ, એ તેમના જીવનસાર્થક્યની મુખ્ય ચાવી હતી. એ વસ્તુનું દર્શન આ ડાયરીમાં થાય છે. વિષયવસ્તુની ઉદાત્તપણાને લીધે તેમજ તે રજૂ કરવાની ચિત્તાકર્ષક શૈલીને લીધે 'મહાદેવભાઈની ડાયરી'નું સ્થાન દુનિયાના આ જાતના સાહિત્યમાં બહુ ઊંચું રહેશે.

https://www.freshersnow.com/previous-year-question-papers/

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 50

## વિભાગ-1
## SECTION - 1

1. China has posed a global threat by its aggressive political and economic strategies. - Analyze.

1. ચીને તેની આક્રમક રાજકીય અને આર્થિક વ્યૂહરચના દ્વારા એક વૈશ્વિક ખતરો ઊભો કર્યો છે. - વિશ્લેષણ કરો.

2. Virtual currencies like Bitcoin can be double-edged sword for an economy like India. – Discuss.

2. ભારત જેવા અર્થતંત્ર માટે બીટકોઈન જેવા વર્ચ્યુઅલ ચલણો (Virtual Currencies) બે ધારવાળી તલવાર બની શકે તેમ છે. - ચર્ચા કરો.

3. Climate Change has become a global crisis - Discuss its impact on Indian economy, agriculture, health and such other sectors and suggest needful measures to address its negative impact.

3. જળવાયુ પરિવર્તન એક વૈશ્વિક સમસ્યા બની છે - તેની ભારતીય અર્થતંત્ર, ખેતી, સ્વાસ્થ્ય અને એવા અન્ય ક્ષેત્રો ઉપર અસરોની ચર્ચા કરો અને તેની નકારાત્મક અસરો માટેના જરૂરી ઉકેલ સૂચવો.

## વિભાગ - 2
## SECTION - 2

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 50

4. In the modern democracies, media - be it print, electronic or digital, have been shaping the agenda of the governments. Discuss it in historical and global context.

4. આધુનિક લોકશાહીઓમાં, પ્રચાર માધ્યમો (મીડિયા) - પછી તે પ્રિન્ટ, ઈલેક્ટ્રોનીક અથવા ડિજીટલ હોય, સરકારોની કાર્યસૂચિ (એજન્ડા) ઘડી રહ્યાં છે. ઐતિહાસિક અને વૈશ્વિક સંદર્ભમાં તેની ચર્ચા કરો.

5. Instead of focusing on mega industrial projects, India should promote the concept of “VOCAL for LOCAL” by concentrating on sectors like MSME, Agro, Cottage and Khadi-based Industries to attain its goal of five trillion economy. Critically analyze.

5. 5 ટ્રીલિયન અર્થતંત્રના લક્ષ્યાંકને હાંસલ કરવા માટે ભારતે મેગા ઔદ્યોગિક પ્રોજેક્ટો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાના બદલે MSME, કૃષિ, કુટીર અને ખાદી આધારીત ઉદ્યોગ ક્ષેત્રો ઉપર ધ્યાન આપી “વોકલ ફોર લોકલ”ના ખ્યાલને પ્રોત્સાહન આપવું જોઈએ. વિશ્લેષણાત્મક ટીપ્પણી કરો.

6. Do the geographical, socio-cultural and political features of our country provide a strong ground for opting for “One Nation, One Election” in the current context? - Discuss.

6. શું આપણા દેશની ભૌગોલિક, સામાજીક-સાંસ્કૃતિક અને રાજકીય વિશેષતાઓ “એક રાષ્ટ્ર, એક ચૂંટણી”ના વિકલ્પ માટે સાંપ્રત સંદર્ભમાં એક મજબૂત કારણ પૂરું પાડે છે? ચર્ચા કરો.

https://www.freshersnow.com/previous-year-question-papers/

વિભાગ - 3

**SECTION - 3**

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 50

7. Civic Sense at public places is not only limited to building a healthy environment but is also conducive for economic progress. - Discuss.

7. જાહેર સ્થળોએ સભ્ય સમજ (Civic Sense) ફક્ત સ્વસ્થ પર્યાવરણના નિર્માણ પુરતી જ મર્યાદિત નથી પરંતુ તે આર્થિક પ્રગતિ માટેની અનુકૂળતા પણ પૂરી પાડે છે. - ચર્ચા કરો.

8. India needs right persons at right place - administratively competent and ethically committed. To achieve this Public Service Commissions are functional. Are revolutionary reforms in the functioning of Public Service Commissions inevitable? - Discuss with historical context.

8. ભારતને વહીવટી રીતે સક્ષમ અને નૈતિક રીતે પ્રતિબધ્ધ - એવાં યોગ્ય જગ્યા ઉપર યોગ્ય વ્યક્તિઓની જરૂર છે. આ હાંસલ કરવા માટે જાહેર સેવા આયોગો કાર્યરત છે. શું જાહેર સેવા આયોગોની કાર્યપધ્ધતિમાં ક્રાન્તિકારી સુધારાઓ અનિવાર્ય છે ? ઐતિહાસિક સંદર્ભ સાથે ચર્ચા કરો.

9. Where there is integrity, there is no need of rules. - Discuss.

9. જ્યાં સત્યનિષ્ઠા છે ત્યાં નિયમોની જરૂર નથી. - ચર્ચા કરો.

https://www.freshersnow.com/previous-year-question-papers/

1. **A number of things found in Harappan excavations indicate the presence of General Administration and Political authority. - Discuss**

1. હરપ્પાના ખોદકામમાં મળી આવેલી અનેક વસ્તુઓ સામાન્ય વહીવટ અને રાજકીય સત્તાની હાજરી સૂચવે છે. - ચર્ચા કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

2. **Examine critically the various facets of economic policies of the British in India from mid-eighteenth century till independence.**

2. અઢારમી સદીના મધ્યથી સ્વતંત્રતા સુધી ભારતમાં અંગ્રેજોની આર્થિક નીતિઓના વિવિધ પાસાંઓની વિવેચનાત્મક ચકાસણી કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

3. **There is much more than the gold coins of the Gupta period to be called the 'Golden Age of India'. - Elucidate.**

3. ગુપ્તકાળને "સુવર્ણ યુગ" કહેવા માટે ગુપ્તકાળના સુવર્ણ સિક્કાઓ ઉપરાંત ઘણું બધું છે. - વિગતવાર સમજાવો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

4. **Critically examine the education system of Vallabhi University as noted by Hiuen Tsang.**

4. હ્યુ-એન-ત્સાંગના નોંધ્યા પ્રમાણે વલ્લભી વિશ્વવિદ્યાલયની શિક્ષણ પ્રણાલીની વિવેચનાત્મક ચકાસણી કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

5. **The administration of Gondal state during the reign of Bhagavat Sinhji was marked by care and concern for the subjects (people). - Discuss.**

5. ભગવતસિંહજીના શાસન દરમ્યાન ગોંડલ રાજ્યનો વહીવટ પ્રજા માટે કાળજી અને રખાવટવાળો હતો. - ચર્ચા કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

6. **The scope of films made in South India in regional languages is bigger than the films made in Gujarati language. - Discuss it with reference to the Gujarati films made as on date.**

6. દક્ષિણ ભારતમાં પ્રાદેશિક ભાષાઓમાં બનતી ફિલ્મોનો વ્યાપ ગુજરાતી ભાષામાં બનતી ફિલ્મોની સરખામણીમાં મોટો છે. હાલમાં બનતી ગુજરાતી ફિલ્મોના સંદર્ભમાં તેની ચર્ચા કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

7. **The patch works (Katavkaam) of Kutch Kathiawad is a beautiful art tradition evolved from folk life. - Discuss.**

7. કચ્છ - કાઠીયાવાડનું કટાવકામ લોકજીવનમાંથી ઉદભવેલી એક સુંદર કલા-પરંપરા છે. - ચર્ચા કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

8. **Evaluate the relevance of the Gandhian ideology regarding Sarvodaya and Satyagraha in current time.**

8. સાંપ્રત સમયમાં સર્વોદય અને સત્યાગ્રહના સંદર્ભે ગાંધી વિચારધારાની પ્રસ્તુતતાનું મૂલ્યાંકન કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

https://www.freshersnow.com/previous-year-question-papers/

9. **Explain the similarities and differences between the Hindustani and Carnatic styles of classical music.**

9. શાસ્ત્રીય સંગીતની હિન્દુસ્તાની અને કર્ણાટક શૈલીઓ વચ્ચેની સામ્યતાઓ અને તફાવત સમજાવો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

10. **Indian folk dance is a perfect amalgamation of art and worship. - Discuss**

10. ભારતીય લોકનૃત્ય કલા અને આરાધનાનું એક સંપૂર્ણ સંયોજન છે. - ચર્ચા કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

11. **Describe in detail the landforms of Peninsular plateau region of India and show their effects on the drainage system of the rivers.**

11. ભારતના દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશના ભૂમિસ્વરૂપો વિગતવાર વર્ણવો અને તેની નદીઓના જલ અપવાહતંત્ર ઉપર અસરો દર્શાવો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

12. **Mention the major inland waterways of India and explain their importance in national development.**

12. ભારતના મુખ્ય આંતરિક જળમાર્ગો જણાવો અને તેની રાષ્ટ્રીય વિકાસમાં અગત્યતા સમજાવો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

13. **Discuss in detail the characteristic features of the various Agro-Climatic Regions of Gujarat.**

13. ગુજરાતના વિવિધ એગ્રોક્લાઈમેટીક વિસ્તારોની લાક્ષણિકતાઓની વિગતવાર ચર્ચા કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

14. **Discuss the conditions required for coral growth with special reference to Coastal Gujarat.**

14. તટીય ગુજરાતના ખાસ સંદર્ભે પરવાળાની વૃધ્ધિ માટેની જરૂરી પરિસ્થિતિઓની ચર્ચા કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

15. **Discuss the demographic changes that have taken place within Gujarat in the last four to five decades and analyze its socio-economic impacts.**

15. ગુજરાતમાં છેલ્લાં ચારથી પાંચ દાયકાઓમાં થયેલાં વસ્તીવિષયક પરીવર્તનોની ચર્ચા કરો અને તેની સામાજીક-આર્થિક અસરોનું પૃથ્થકરણ કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

https://www.freshersnow.com/previous-year-question-papers/

1. What is the idea behind establishing the quasi judicial bodies and how are they different from the Lok Adalats ?

1. અર્ધ-ન્યાયિક સંસ્થાઓ સ્થાપવા પાછળનો ખ્યાલ શું છે અને તે લોક અદાલતોથી કઈ રીતે જુદી પડે છે ?

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

2. On what grounds a people's representative can be disqualified under the Representation of People Act, 1951? Also, mention the remedies available to such a person against his disqualification.

2. લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, 1951 હેઠળ પ્રજાના પ્રતિનિધિને કયા કારણોસર ગેરલાયક ઠરાવી શકાય છે ? આવા વ્યક્તિ પાસે તેને ગેરલાયક ઠરાવવા સામે કયા ઉપાયો ઉપલબ્ધ છે તે પણ જણાવો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

3. The term "Justice" in the preamble describes social, economic and political justice through various provisions of the Indian Constitution. - Discuss.

3. આમુખમાં "ન્યાય" શબ્દ ભારતીય બંધારણની વિવિધ જોગવાઈઓ અન્વયે સામાજીક, આર્થિક અને રાજકીય ન્યાય વર્ણવે છે. - ચર્ચા કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

4. How a person gets the citizenship of India and how a person loses it and in which situations?

4. વ્યક્તિ ભારતનું નાગરિકત્વ કેવી રીતે મેળવે છે અને વ્યક્તિ તે કેવી રીતે અને કઈ પરિસ્થિતિઓમાં ગુમાવે છે?

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

5. Discuss the process of delimitation. Should the next Delimitation Commission consider the change in number of constituencies considering demographic factors?

5. સીમાંકનની પ્રક્રિયા વર્ણવો. શું આગામી સીમાંકન આયોગે વસ્તી વિષયક પરીબળોને ધ્યાને લઈને મતદારક્ષેત્રોની સંખ્યામાં ફેરફારને વિચારણામાં લેવું જોઈએ ?

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

6. "Smart" urban planning is a mandatory ingredient for addressing the issues arising from urbanization in modern India. - Discuss.

6. આધુનિક ભારતમાં શહેરીકરણના કારણે ઉદભવતા પ્રશ્નોને હલ કરવા માટે "સ્માર્ટ" શહેરી આયોજન એક ફરજીયાત ઘટક છે. - ચર્ચા કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

7. Various socio-economic issues/problem emerged in the post-Covid pandemic context have been adequately addressed by the government through a series of policy initiatives and programmes. - Discuss.

7. કોવીડ મહામારી પછીના સમયમાં ઉદભવેલી વિવિધ સામાજીક-આર્થિક બાબતો/સમસ્યાઓનો સરકારે શ્રેણીબધ્ધ નીતિગત પહેલ અને યોજનાઓ અન્વયે યોગ્ય ઉકેલ કર્યો છે. - ચર્ચા કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

8. In spite of having Citizen's Charter, Right to Information Act and Public Services Act, transparency and responsiveness is yet to be fully achieved in delivery of public services. Suggest needful measures.

8. નાગરિક અધિકારપત્ર, માહિતી અધિકાર અધિનિયમ અને જાહેર સેવાઓ અધિનિયમ હોવા છતાં જાહેર સેવાઓના નિર્વહનમાં હજુ પારદર્શિતા અને જવાબદેહી સંપૂર્ણપણે સિધ્ધ કરી શકાયા નથી. જરૂરી ઉકેલો સૂચવો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

https://www.freshershow.com/previous-year-question-papers/

| | | |
|---|---|---|
| 9. | "Government has no business to be in business" - Analyze this statement of Prime Minister Shri Narendra Modi in context of "Minimum Government, Maximum Governance." | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| 9. | "વ્યવસાયમાં હોવું એ સરકારનો વ્યવસાય નથી." વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના આ વિધાનનું "મીનીમમ ગવર્મેન્ટ, મેક્સીમમ ગવર્નન્સ"ના સંદર્ભમાં પૃથ્થકરણ કરો. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| 10. | Discuss the importance of All India Services. Is there a need of few more such All India Services in present administrative context? | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| 10. | અખિલ ભારતીય સેવાઓની અગત્યતાની ચર્ચા કરો. શું સાંપ્રત સંદર્ભમાં થોડીક વધુ આવી અખિલ ભારતીય સેવાઓની જરૂર છે ? | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| 11. | Explain conflict of interest. Discuss how to avoid it in public institutions. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| 11. | હિતનો ટકરાવ સમજાવો. જાહેર સંસ્થાઓમાં તે કેવી રીતે ટાળી શકાય તેની ચર્ચા કરો. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| 12. | Commitment, dedication and social consciousness are the key ethical determinants of civil servant. - Discuss. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| 12. | પ્રતિબધ્ધતા, સમર્પણ અને સામાજીક ચેતના લોકસેવકના નૈતિક નિર્ધારકો છે. - ચર્ચા કરો. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| 13. | In the society, people focusing on "ends" rather than "means" is a worrisome trend. - Discuss. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| 13. | સમાજમાં લોકોનું "સાધન"ના બદલે "લક્ષ્યાંક" ઉપર ધ્યાન કેન્દ્રીત હોવું ચિંતાજનક વલણ છે. - ચર્ચા કરો. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| 14. | To avoid allegations of corruptions, civil servants often maintain "Status quo" on various decisions which leads to administrative paralyses and hampers growth and development. - Discuss | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| 14. | ભ્રષ્ટાચારના આરોપોને ટાળવા ઘણી વખત જાહેર સેવકો વિવિધ નિર્ણયો બાબતે યથાસ્થિતિ (Status quo) જાળવે છે જે વહીવટી અપંગતા (administrative paralyses) તરફ દોરી જાય છે અને વૃદ્ધિ અને વિકાસને અવરોધે છે. - ચર્ચા કરો. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| 15. | 'Climate Justice' is an ethical response to 'Climate Change' in a way that it benefits all in a spirit of justice and equality. - Discuss | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| 15. | 'ક્લાયમેટ જસ્ટીસ' એ 'ક્લાયમેટ ચેન્જ' પરત્વેનો એવો નૈતિક પ્રતિભાવ છે કે જે ન્યાય અને સમાનતાની ભાવના સાથે તમામને ફાયદો કરે છે. - ચર્ચા કરો. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |

https://www.freshersnow.com/previous-year-question-papers/

1. **What is Bharat Stage Emission Standards (BSES)? How would it help in controlling the pollution?**

1. ભારત સ્ટેજ ઉત્સર્જન માનક (BSES) શું છે? તે પ્રદૂષણ નિયંત્રણમાં કેવી રીતે મદદરૂપ થશે?

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

2. **What difference would 5G technology make in the sector of Information and Communication Technology and in our day-to-day life?**

2. આપણા રોજીંદા જીવનમાં અને માહિતી અને સંદેશાવ્યવહાર ટેકનોલોજીના ક્ષેત્રમાં 5G ટેકનોલોજી શું ફરક પાડશે?

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

3. **What is sustainable development? Explain Sustainable Development Goals with its relevance and significance.**

3. ટકાઉ વિકાસ એટલે શું? ટકાઉ વિકાસ લક્ષ્યાંકો તેની પ્રસ્તુતતા અને મહત્વ સાથે સમજાવો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

4. **Evaluate the significance of Information Technology (Intermediary Guidelines and Digital Media Ethics Code) Rules, 2021.**

4. માહિતી પ્રૌદ્યોગિકી (મધ્યવર્તી દિશાનિર્દેશ અને ડિજિટલ મીડિયા આચારસંહિતા) નિયમો, 2021ના મહત્વનું મૂલ્યાંકન કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

5. **'The youngsters who have graduated in the subject of Agriculture lean towards other professions instead of going back to the farms.' - Analyze this statement.**

5. 'કૃષિ વિષયમાં સ્નાતક થયેલા યુવાનો કૃષિ તરફ પાછા વળવાના બદલે અન્ય વ્યવસાયો તરફ ઢળે છે.'

- આ વિધાનનું પૃથક્કરણ કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

6. **With the technological advancement, whether it can be said that the Indian banking system has finally succeeded in paving its road to the last home?**

6. શું એમ કહી શકાય કે ટેકનોલોજીની પ્રગતિ સાથે ભારતીય બેંકીંગ વ્યવસ્થા અંતે છેવાડાના ઘર સુધી પહોંચવામાં સફળ થઈ છે?

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

7. **'Gujarat is a preferred destination for investment.' - Explain this statement with reference to government policies and projects.**

7. 'ગુજરાત રોકાણ માટેનું શ્રેષ્ઠ સ્થળ છે.' - આ વિધાનને સરકારની નીતિઓ અને યોજનાઓના સંદર્ભે સમજાવો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

8. **Evaluate India's strategic investments in various countries with reference to ports and other infrastructure facilities.**

8. ભારતના વિવિધ દેશોમાં વ્યૂહાત્મક રોકાણોનું બંદરો અને અન્ય માળખાકીય સાગપડોના સંદર્ભે મૂલ્યાંકન કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

| | | |
|---|---|---|
| **9.** | **What is Human Development Index (HDI)? Briefly review the performance of India with respect to HDI.** | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| 9. | માનવ વિકાસ સૂચકાંક (HDI) શું છે? HDIના સંદર્ભે ભારતની કામગીરીની ટૂંકમાં સમીક્ષા કરો. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| **10.** | **Give a brief outline of measures taken by Government of India towards managing public debt.** | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| 10. | જાહેર દેવાના સંચાલન બાબતે ભારત સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાંઓની સંક્ષિપ્ત રૂપરેખા જણાવો. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| **11.** | **The Narendra Modi Government has brought many tax reforms in the country. Discuss the effects of these reforms on Indian economy.** | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| 11. | નરેન્દ્ર મોદી સરકાર દ્વારા દેશમાં ઘણાં કરવેરા સુધારાઓ લાવવામાં આવ્યાં છે. આ સુધારાઓની ભારતીય અર્થતંત્ર ઉપર થયેલ અસરોની ચર્ચા કરો. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| **12.** | **The recent unprecedented heat waves in certain parts of Canada and USA have posed a serious question on our developmental planning. - Discuss.** | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| 12. | કેનેડા અને યુ.એસ.એ.ના કેટલાક ભાગોમાં તાજેતરમાં આવેલાં અભૂતપૂર્વ ગરમીના મોજાંઓએ આપણા વિકાસલક્ષી આયોજન ઉપર ગંભીર પ્રશ્ન ઊભો કર્યો છે. - ચર્ચા કરો. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| **13.** | **Express your views on the idea of increasing the permissible online component in Conventional, Open and Distance modes of education from 20% to 40%.** | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| 13. | પરંપરાગત, મુક્ત અને દૂરવર્તી શિક્ષણની પધ્ધતિમાં, અનુમતીપાત્ર ઓનલાઈન કોમ્પોનન્ટમાં 20% થી 40% સુધી વધારો કરવાના વિચાર ઉપર આપના મંતવ્યો વ્યક્ત કરો. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| **14.** | **Recently Government of Gujarat has granted "Centre of Excellence" status to various universities.**<br>**- Explain the need and importance of this move.** | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| 14. | તાજેતરમાં ગુજરાત સરકારે વિવિધ વિશ્વવિદ્યાલયોને "સેન્ટર ઓફ એક્સલન્સ"નો દરજ્જો મંજૂર કર્યા છે.<br>- આ પગલાની જરૂર અને અગત્યતા સમજાવો. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| **15.** | **Various countries have supported the request made by India and South Africa for waiving COVID-19 vaccine related Intellectual Property Rights. - Discuss its relevance.** | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| 15. | વિવિધ દેશોએ ભારત અને દક્ષિણ આફ્રિકા દ્વારા કોવિડ-19ની રસી બાબતે બૌધ્ધિક મિલ્કત અધિકારો (Intellectual Property Rights)ને જતા કરવા માટેની કરવામાં આવેલી વિનંતીને ટેકો કર્યો છે. તેની પ્રસ્તુતતાની ચર્ચા કરો. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |